### સેફ્ટી નેટ અને સુરક્ષા વ્યવસ્થા વિના ખાનગી બિલ્ડીંગ પર કાચ હટાવવાની કામગીરી

# ગેંડા સર્કલ-ચકલી સર્કલ ફ્લાયઓવર પાસે બેદરકારીનો નમૂનો ઊંચાઈ પરથી કાચ ફેંકતા લોકોના જીવ જોખમમાં

**જવાબદારો** સામે સ્થાનિકોની કડક કાર્યવાહી કરવાની માંગ





(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના ગેંડા સર્કલથી ચકલી સર્કલ જતાં માર્ગ પર આવેલા ફ્લાયઓવર બ્રિજ નજીક એક ખાનગી બિલ્ડિંગના નિર્માણ દરમિયાન સુરક્ષાના નિયમોની અવગણના કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. બિલ્ડિંગના ઊંચા માળ પરથી કોઈપણ પ્રકારની સેફ્ટી નેટ કે સુરક્ષા વ્યવસ્થા વિના કાચ તોડવાની અને હટાવવાની કામગીરી હાથ ધરાતા આસપાસના લોકો અને વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, શહેરના વ્યસ્ત માર્ગ પર આવેલી આ નિર્માણાધીન ઈમારતમાં કાચ દૂર કરવાની કામગીરી દરમિયાન સુરક્ષાના સામાન્ય નિયમોનું પણ પાલન કરવામાં આવ્યું નહોતું. સામાન્ય રીતે આવી જોખમી કામગીરી દરમિયાન સેફ્ટી નેટ બાંધવી, ચેતવણીના બોર્ડ મૂકવા તેમજ નીચેના વિસ્તારને સુરક્ષિત બનાવવો જરૂરી હોય છે. જોકે અહીં આવી કોઈ તકેદારી રાખવામાં આવી નહોતી. પરિણામે કાચના મોટા અને અણીદાર ટુકડાઓ સીધા રોડ અને બ્રિજની આસપાસ પડતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો, રાહદારીઓ અને જાગૃત નાગરિકોએ ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. લોકોનું કહેવું છે કે આવી બેદરકારી કોઈ મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે છે. ઊંચાઈ પરથી પડતા કાચના ટુકડાઓ કોઈ વ્યક્તિ કે વાહનચાલકને વાગે તો ગંભીર ઈજા કે જાનહાનિ પણ થઈ શકે છે. ઘટનાને લઈને એજન્સીની બેદરકારી તેમજ વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકા અને સંબંધિત તંત્ર તાત્કાલિક હસ્તક્ષેપ કરી જવાબદાર એજન્સી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### ૩૦થી ૩૨ લાખના ખર્ચે ખરીદાયેલા તરાપા જાળવણીના અભાવે સડી રહ્યા

# પૂર બચાવ માટે ખરીદાયેલા ૨૦૦ તરાપા ભંગાર બન્યા, પાલિકાના લાખો રૂપિયાનો વેડફાટ?

**ચોમાસું** અને તહેવારો નજીક છતાં સાધનો બિનઉપયોગી, જવાબદારો સામે કાર્યવાહીની માંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો અને અધિકારીઓની બેદરકારી વધુ એક વખત સામે આવી છે. શહેરમાં ભૂતકાળમાં સર્જાયેલી પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં રાખી આપત્તિ વ્યવસ્થાપન માટે આશરે 30થી 32 લાખના ખર્ચે ખરીદવામાં આવેલા 200 જેટલા નવા તરાપા ઉપયોગમાં લેવાયા પહેલાં જ બિનઉપયોગી હાલતમાં પહોંચી ગયા હોવાનું સામે આવ્યું છે. ચોમાસું માથે હોવા છતાં તેમની યોગ્ય જાળવણી ન થતાં જનતાના નાણાંનો વેડફાટ થયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, વોર્ડ નં. 11 અને 17ની કચેરી પાછળ આવેલા પાલિકાના પ્લોટમાં 20થી વધુ તરાપા લાંબા સમયથી ખુલ્લામાં પડ્યા છે. જાળવણીના અભાવે તેમની આસપાસ જાળી-ઝાંખરા ઊગી નીકળ્યા છે અને સાધનો સડવા લાગ્યા છે. સામાજિક કાર્યકરોએ આ મુદ્દે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, જનતાના વેરાના નાણાંથી ખરીદાયેલા સાધનોની આવી દુર્દશા અસ્વીકાર્ય છે. ખરીદી પ્રક્રિયા દરમિયાન નિયમોની અવગણના થઈ હોવાના આક્ષેપો પણ ઉઠ્યા છે.

આગામી દિવસોમાં દશામા વ્રત, ગણેશોત્સવ અને તાજીયા જેવા તહેવારો દરમિયાન વિસર્જન કામગીરી માટે તરાપાની જરૂરિયાત રહેતી હોય છે. ત્યારે આ સાધનોની હાલત ચિંતાજનક બની છે. જોકે પાલિકા અધિકારીઓએ તરાપાનું સમારકામ કરી ઉપયોગમાં લેવાની ખાતરી આપી છે. તેમ છતાં બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થશે કે નહીં તે અંગે સવાલો ઉઠી રહ્યા છે.

# યુવતીની છેડતીનો પ્રયાસ, લોકોએ રોડ રોમિયોને ઝડપી પોલીસને સોંપ્યો

**યુવતીએ** હિંમતપૂર્વક વિરોધ કરતાં ખોડીયારનગરમાં લોકોના ટોળા ઉમટ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરના ખોડીયારનગર વિસ્તારમાં યુવતી સાથે છેડતી કરવાનો પ્રયાસ કરનાર એક શખ્સને સ્થાનિક લોકોએ ઝડપી પાડી પોલીસને સોંપી દીધો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં ભારે રોષ ફેલાયો હતો અને મહિલાઓની સુરક્ષા અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

મળતી માહિતી મુજબ, ખોડીયારનગર વિસ્તારમાં એક યુવતી જાહેર માર્ગ પરથી પસાર થઈ રહી હતી ત્યારે એક શખ્સે તેની સાથે અશોભનીય વર્તન કરી છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે યુવતીએ ગભરાયા વગર હિંમતપૂર્વક તેનો વિરોધ કર્યો હતો. યુવતીની બૂમાબૂમ સાંભળી આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.

ઘટનાથી ઉશ્કેરાયેલા લોકોએ આરોપી રોડ રોમિયોને ઝડપી પાડી તેને મેથીપાક ચખાડ્યો હતો. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. સ્થાનિકોએ આરોપીને પોલીસના હવાલે કર્યો હતો.

પોલીસે આરોપીની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ શરૂ કરી છે. યુવતીની ફરિયાદ અને પ્રાથમિક તપાસના આધારે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

શહેરમાં મહિલાઓ અને યુવતીઓની સુરક્ષાને લઈને અવારનવાર પ્રશ્નો ઉઠતા રહે છે. જાહેર સ્થળોએ છેડતી અને અસામાજિક તત્વોની હરકતોને રોકવા માટે વધુ કડક કાર્યવાહી અને પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે.

# હાલોલ નજીક નર્મદા કેનાલમાંથી સંખેડાના વૃદ્ધનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

હાલોલ નજીકથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાંથી 65 વર્ષીય વૃદ્ધનો મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. શક્તિપુરા દરવાજા પાસે કેનાલના પ્રવાહમાં ફસાયેલા મૃતદેહને સ્થાનિકોની જાણના આધારે ફાયર બ્રિગેડની ટીમે બહાર કાઢ્યો હતો.

પોલીસ તપાસ દરમિયાન મૃતકની ઓળખ સંખેડાના રહેવાસી નરેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.65) તરીકે થઈ હતી. ફાયર ટીમે દોરડાની મદદથી મૃતદેહને બહાર કાઢી હાલોલ પોલીસને સોંપ્યો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં ખસેડ્યો છે. નરેન્દ્રભાઈ ચૌહાણ કેનાલમાં કેવી રીતે પડ્યા અને હાલોલ સુધી કેવી રીતે તણાઈ આવ્યા તે અંગે રહસ્ય યથાવત છે. અકસ્માત, આત્મહત્યા કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે દિશામાં હાલોલ પોલીસે તપાસ શરૂ કરી છે. પરિવારજનોને પણ ઘટનાની જાણ કરવામાં આવી છે.

### કરોડોના પ્રોજેક્ટનું કામ અધવચ્ચે બંધ, ગ્રેવિટી ફ્લોને લઈને ટેકનિકલ મુશ્કેલી

# ગોરવામાં વરસાદી ગટર પ્રોજેક્ટ ગેલની ગેસ લાઈનથી અટવાયો : પૂરનું સંકટ!

**2024ના** પૂર જેવી સ્થિતિનો ભય, રહીશોમાં ચિંતા વ્યાપી



(પ્રતિનિધિ) વડોદરા, તા.24

ચોમાસાની શરૂઆત પહેલાં વડોદરા મહાનગરપાલિકાના નબળા આયોજનના કારણે ગોરવા પંચવટી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે શરૂ કરાયેલો કરોડો રૂપિયાનો ડ્રેનેજ લાઈન પ્રોજેક્ટ અટવાઈ ગયો છે. જ્યાં વરસાદી ગટર લાઈનનું કામ ચાલી રહ્યું છે ત્યાં ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (ગેલ)ની મુખ્ય ગેસ પાઈપલાઈન પસાર થતી હોવાનું સામે આવતાં કામગીરી બંધ કરવી પડી છે.

ગેલના નિયમો મુજબ ગેસ લાઈનની નજીક મંજૂરી વિના ખોદકામ કરી શકાતું નથી. ગેસ કંપનીએ સુરક્ષાના કારણોસર લાઈનની ઊંડાઈ વધારવા સૂચન કર્યું છે, પરંતુ પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ ડ્રેનેજ લાઈન વધુ નીચે લઈ જવાથી પાણીના કુદરતી ગ્રેવિટી ફ્લો જાળવવામાં ટેકનિકલ મુશ્કેલી ઊભી થાય છે. પરિણામે પ્રોજેક્ટ હાલ ખોરંભે પડ્યો છે. સ્થાનિક ધારાસભ્ય કેયુર રોકડિયાએ કન્સલ્ટન્ટની ખામીયુક્ત ડિઝાઈન અને તંત્રની વિલંબિત કામગીરીની ટીકા કરી છે. તેમના જણાવ્યા મુજબ અગાઉથી સૂચના હોવા છતાં ચોમાસા પહેલાં જ ઉતાવળમાં કામ શરૂ કરાયું હતું. મહાનગરપાલિકાએ બેદરકારી બદલ કન્સલ્ટન્ટ એજન્સીને નોટિસ ફટકારી છે અને ગેલ સાથે સંયુક્ત મુલાકાત કરી ઉકેલ શોધવાની પ્રક્રિયા હાથ ધરી છે.

બીજી તરફ, વર્ષ 2024ના પૂરની યાદો હજુ તાજી હોવાથી ગોરવા વિસ્તારના રહીશોમાં ચિંતા વધી છે. આગામી દિવસોમાં વરસાદની આગાહી વચ્ચે જો પ્રશ્નનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો ફરી જળબંબોળની સ્થિતિ સર્જાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

# MSU કેમ્પસમાં બેફામ કાર ડ્રાઈવિંગનો વીડિયો વાયરલ

**વાયરલ** વીડિયોમાં સ્પીડ લિમિટના નિયમોના ઉડ્યા ધજાગરા, વિદ્યાર્થીઓમાં ભયનો માહોલ



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

એમ.એસ.યુનીવર્સીટીમાં એક કાર ચાલકે રસ્તાને રેસિંગ ટ્રેક સમજી લીધું હોય તેમ બેફામ સ્પીડે કાર દોડાવી હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. યુનીવર્સીટી કેમ્પસના માર્ગ પર કાળા કાંચ ધારી કાર સ્પીડ લિમિટના નિયમોના ધજાગરા ઉડાવતી જોવા મળી હતી.

કારની ગતિ પુરપાટ હતી કે તેનો અવાજ સાંભળીને જ આસપાસના વિદ્યાર્થીઓ અને અન્યના ધબકારા વધી જાય તેવા હતા. ત્યારે, આ રફતારના કહેર વચ્ચે એક્સપરીમેન્ટલ સ્કૂલના નાના બાળકો ભોગ બનતા બચ્યા હતા. જો સહેજ પણ ચૂક થઈ હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ ગઈ હોત. કાર ચાલકની આ બેદરકારીએ અનેકના જીવ જોખમમાં મૂક્યા હતા. કાયદાને નેવે મૂકી શૈક્ષણિક સંકુલમાં આ રીતે આતંક મચાવનાર આ શખ્સ કોણ છે, જાહેર રોડ પર અને એ પણ સ્કૂલના બાળકોની આસપાસ આટલી સ્પીડે કાર હંકારવા પાછળનો તેનો ઈરાદો શુ હતો. શુ તે માત્ર સ્ટંટબાજી હતી કે પછી કોઈ ગુન્હાહિત માનસિકતા,સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થયા બાદ વાળીઓમાં આક્રોશ ફેલાયો હતો.

### વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બે યુવકો વસૂલતા હતા રૂપિયા

# બ્લેકમેલિંગના ડરથી યુવતીએ શરૂ કરી ચોરી, અભયમની કાઉન્સેલિંગથી સામે આવી હકીકત

માતા-પિતાની સતર્કતાથી મામલો બહાર આવ્યો, યુવતીએ સંપર્ક તોડવાની ખાતરી આપી

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

સોશિયલ મીડિયા પર થયેલી મિત્રતા અને પ્રેમસંબંધ એક યુવતી માટે મુશ્કેલીનું કારણ બન્યા હતા. વીડિયો વાયરલ કરવાની ધમકીથી ડરી ગયેલી યુવતીએ પૈસાની જરૂરિયાત પૂરી કરવા પોતાના ઘરમાં તેમજ સગાં-સંબંધીઓના પર્સમાંથી ચોરી કરવાનું શરૂ કર્યું હતું. આખરે માતાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, વડોદરામાં રહેતા સરકારી શાળાના શિક્ષક દંપતિની દીકરી ધોરણ-12માં અભ્યાસ કરતી હતી ત્યારે એક યુવક સાથે પ્રેમસંબંધમાં આવી હતી. માતા-પિતાને જાણ થતાં તેમણે સમજાવીને સંબંધ તોડાવ્યો હતો. જોકે યુવતી ગુપ્ત રીતે યુવકના સંપર્કમાં રહેતી હતી. આ દરમિયાન બંનેએ કેટલાક વીડિયો પણ બનાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

પછી યુવતી કોલેજમાં અભ્યાસ કરવા લાગી હતી. દરમિયાન માતા-પિતાએ તેના વર્તનમાં બદલાવ નોંધ્યો હતો. યુવતી દિવસભર મોબાઈલમાં વ્યસ્ત રહેતી અને રાત્રે મોડે સુધી સોશિયલ મીડિયા પર ચેટિંગ તથા કોલિંગ કરતી હતી. સાથે જ ઘરમાંથી અને સગાં-સંબંધીઓ પાસેથી પૈસા ગુમ થવાની ઘટનાઓ પણ વધવા લાગી હતી.

એક દિવસ માતાએ યુવતીને ચોરી કરતાં પકડી લેતા કાઉન્સેલિંગ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો. યુવતીએ જણાવ્યું હતું કે અગાઉના સંબંધ દરમિયાન બનેલા વીડિયો વાયરલ કરવાની ધમકી આપી બે યુવકો તેને બ્લેકમેલ કરતા હતા. ધમકીના કારણે તે સતત તેમને પૈસા આપતી હતી. પૈસા ન આપ્યે વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને પરિવારને મોકલી આપવાની ધમકીઓ પણ આપવામાં આવતી હતી.

મામલાની ગંભીરતા સમજી 181 અભયમ ટીમે માતા અને દીકરીનું કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે યુવતીને કાનૂની મદદ અંગે માર્ગદર્શન આપ્યું તેમજ સોશિયલ મીડિયાના જોખમો અંગે સમજાવ્યું હતું. સાથે જ માતા-પિતાને સંતાનો સાથે ખુલ્લો સંવાદ જાળવવા અને તેમની ઓનલાઈન પ્રવૃત્તિઓ અંગે સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી હતી. યુવતીએ બંને યુવકો સાથેનો સંપર્ક તોડી નાખ્યાનો દાવો કર્યો હતો, જ્યારે માતાએ હાલ પોલીસ ફરિયાદ ન કરવાની ઈચ્છા વ્યક્ત કરતાં મામલો કાઉન્સેલિંગથી ઉકેલવામાં આવ્યો હતો.

# પોર GIDCની પદ્મધારા સ્ટ્રક્ચર કંપનીમાં શોર્ટ સર્કિટથી આગ



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

પોર નજીક રમણ ગામડી જીઆઈડીસી ખાતે આવેલી પદ્મધારા સ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ઈલેક્ટ્રિક લાઈનમાં શોર્ટ સર્કિટ થતાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.

ઘટનાની જાણ થતાં જ કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સાધનો સાથે ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી યુદ્ધના ધોરણે આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગમાં બળેલી સામગ્રીને સુરક્ષિત રીતે સાઈડ પર ખસેડી આગ વધુ ન ફેલાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. ફાયર વિભાગની ઝડપી અને અસરકારક કામગીરીના કારણે આગ પર ગણતરીની મિનિટોમાં જ કાબૂ મેળવી લેવાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. હાલ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

# પાણીગેટમાં વેચાણ કરતો શખ્સ ૫૦૨ ગ્રામ ગાંજા સાથે ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાના પાણીગેટ વિસ્તારમાં રાજારાણી તળાવની પાળ પાસે ગાંજાનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી એક આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપીના કબજામાંથી 502 ગ્રામ ગાંજો, મોબાઈલ ફોન અને રોકડ સહિત રૂ.36 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસને માહિતી મળી હતી કે આફતાબ ઉર્ફે લાલાબંદર મોહંમદરફીક મલેક ગાંજાનો સંગ્રહ કરી તેનું વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી તેની પૂછપરછ કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી ગાંજો મળી આવતા ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસે આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા દાનિશ નામના અન્ય આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

# સોમા તળાવ બ્રિજ નીચે અજાણ્યા યુવકનો મૃતદેહ મળતા ચકચાર

**મકરપુરા** પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી

**મૃતકની** ઓળખ અસ્પષ્ટ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ કારણ સ્પષ્ટ થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા શહેરના સોમા તળાવ બ્રિજ નીચે આવેલા ઘાઘરેટીયા વિસ્તારમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થયા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

માહિતી મળતા મકરપુરા પોલીસ સ્ટેશનની ટીમ અને 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. તબીબી ટીમે તપાસ બાદ યુવકને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં મૃતકની ઉંમર આશરે 35થી 40 વર્ષ વચ્ચે હોવાનું સામે આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર યુવકનું મોત અંદાજે એક દિવસ અગાઉ થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. મૃતદેહ પર કોઈ પણ પ્રકારના ઈજાના નિશાન જોવા મળ્યા નથી. યુવક બેભાન હાલતમાં મળી આવ્યો હતો અને તેનું મોત કયા સંજોગોમાં થયું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

મૃતકની ઓળખ હજુ સુધી થઈ નથી. તે ક્યાંનો રહેવાસી છે, અહીં કેવી રીતે પહોંચ્યો અને તેના મૃત્યુ પાછળનું કારણ શું છે તે અંગે પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે. હાલ મકરપુરા પોલીસ અજાણ્યા મૃતકની ઓળખ મેળવવા અને તેના પરિવારજનો સુધી પહોંચવા માટે કાર્યવાહી હાથ ધરી રહી છે.

# રેલવે કોલોનીના બંધ મકાનમાંથી રૂ.૧.૪૫ લાખના મતાની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.23

વડોદરાના પ્રતાપનગર રેલવે કોલોની વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ.1.45 લાખની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. રેલવેના ડીઆરએમ ઓફિસમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ગોવિંદસિંહ બરચે પત્ની સાથે 12 જૂને દિલ્હી સગાસંબંધીઓને મળવા ગયા હતા. દરમિયાન 19 જૂને પાડોશીએ તેમના ઘરનો મુખ્ય દરવાજો ખુલ્લો હોવાનું જણાવી જાણ કરી હતી. ત્યારબાદ 20 જૂને પરત ફરેલા ગોવિંદસિંહે તપાસ કરતાં મકાનનું તાળું તૂટેલું અને ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. રૂમમાં રાખેલી તિજોરી પણ ખુલ્લી મળી હતી. તપાસ દરમિયાન તિજોરીમાંથી સોનાનો ટીકો, નથ, ગળાનો હાર, મંગળસૂત્ર, કાનની બુટ્ટીઓ સહિતના દાગીના તેમજ રૂ.20 હજાર રોકડ મળી કુલ રૂ.1.45 લાખની મત્તા ચોરાઈ હોવાનું બહાર આવ્યું હતું. બનાવ અંગે પ્રતાપનગર પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે.

### નળમાંથી કાળા-પીળા રંગનું દુર્ગંધયુક્ત પાણી આવતા રોગચાળાની ભીતિ

# સ્માર્ટ સિટીના દાવા વચ્ચે સંવાદ ક્વાર્ટર્સમાં ૬ દિવસથી ગંદુ પાણી, રહીશોમાં રોષ

**૨૪ કલાકમાં** ઉકેલ નહીં આવે તો માટલા ફોડી આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરા મહાનગરપાલિકાના સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરના હરણી-વારસિયા રિંગ રોડ પર આવેલા સંવાદ ક્વાર્ટર્સમાં છેલ્લા છ દિવસથી દૂષિત પીવાનું પાણી આવતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. વારંવાર રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા લોકોમાં તંત્ર સામે અસંતોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા છ દિવસથી નળમાં આવતું પાણી કાળા-પીળા રંગનું અને દુર્ગંધયુક્ત છે. આ પાણી પીવા તો દૂર, ઘરકામ માટે પણ ઉપયોગી નથી. મુખ્ય પાણીની લાઈનમાં ગટરનું પાણી ભળી ગયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના કારણે વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ ઊભી થઈ છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું થયું હોવાનું રહીશોનું કહેવું છે.

સમસ્યાના કારણે લોકો મિનરલ વોટર ખરીદવા મજબૂર બન્યા છે, જેનાથી મધ્યમવર્ગીય પરિવારો પર વધારાનો આર્થિક બોજ પડી રહ્યો છે. રહીશોએ સ્થાનિક કોર્પોરેટરો



અને પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને અનેક વખત મૌખિક અને લેખિત રજૂઆત કરી હોવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

તંત્રની ઉદાસીનતા સામે કંટાળેલી મહિલાઓએ ક્વાર્ટર્સના પટાંગણમાં એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પાલિકા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. રહીશોએ ચેતવણી આપી છે કે આગામી 24 કલાકમાં શુદ્ધ પાણીની વ્યવસ્થા નહીં કરવામાં આવે તો પાલિકા કચેરીએ માટલા ફોડી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# દીનદયાળ પોર્ટે એલપીજી હેન્ડલિંગમાં ૨૫%ની વૃદ્ધિ નોંધાવી

વડોદરા : દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ), કંડલાએ નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન એલપીજી હેન્ડલિંગમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. પોર્ટ દ્વારા 133 એલપીજી વહાણોનું સફળ સંચાલન કરીને કુલ 2.61 મિલિયન મેટ્રિક ટન એલપીજી કાર્ગો હેન્ડલ કરવામાં આવ્યો છે. અગાઉના વર્ષની સરખામણીએ આ કામગીરીમાં 25 ટકા વૃદ્ધિ નોંધાઈ છે. પોર્ટ અધિકારીઓ, ટર્મિનલ ઓપરેટર્સ અને અન્ય હિતધારકોના સંકલિત પ્રયાસોથી આ સિદ્ધિ શક્ય બની હોવાનું જણાવાયું છે. ડીપીએની વધતી કાર્યક્ષમતા અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાના કારણે દેશની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહ્યું છે. ‘12 વર્ષ : વિશ્વાસના, વિકાસના, જન-કલ્યાણના’ થીમ હેઠળ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે આ ઉપલબ્ધિને બિરદાવી છે. આ સિદ્ધિ ભારતની ઊર્જા સુરક્ષા અને રાષ્ટ્રીય વિકાસમાં પોર્ટ ક્ષેત્રના મહત્વપૂર્ણ યોગદાનને વધુ મજબૂત બનાવે છે.

# વાઘોડિયા રોડ પર ભેંસ સાથે અથડાતા બાઈકચાલક ઘાયલ

**અચાનક** રસ્તા પર આવી ગયેલી ભેંસને કારણે સર્જાયો અકસ્માત

**રખડતા** પશુઓથી વધતા અકસ્માતો સામે સ્થાનિકોમાં રોષ, કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વાઘોડિયા રોડ પર રખડતા ઢોરનો ત્રાસ યથાવત રહેતા વધુ એક બાઈકચાલક અકસ્માતનો ભોગ બન્યો છે. વાઘોડિયા નજીક ખટંબા ગામ સ્થિત પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રહેતા 35 વર્ષીય મયુર અશોકભાઈ રાણા મોટરસાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક એક ભેંસ રસ્તા પર આવી જતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, બાઈકની ઝડપ વધુ હોવાથી મયુરભાઈ વાહન પરનો કાબૂ ગુમાવી બેઠા હતા અને તેમની બાઈક ભેંસ સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માતના પગલે તેઓ રોડ પર પટકાતા શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતા જ સ્થાનિક લોકો અને રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. ઘાયલ યુવકને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, વાઘોડિયા રોડ તેમજ ખટંબા વિસ્તારની આસપાસ રખડતા પશુઓનો પ્રશ્ન લાંબા સમયથી યથાવત છે. રસ્તાઓ પર પશુઓ અડીંગો જમાવીને બેસી રહેતા હોવાથી વાહનચાલકો માટે જોખમ ઊભું થાય છે. ખાસ કરીને રાત્રિના સમયે અને વહેલી સવારે દૃશ્યતા ઓછી હોવાથી અકસ્માતની શક્યતા વધી જાય છે. વારંવાર આવી ઘટનાઓ બનવા છતાં તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં ન આવતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો છે અને રખડતા ઢોરના પ્રશ્ને કડક પગલાં ભરવાની માંગ ઉઠી છે.

# વૃદ્ધાને સાપે દંશ મારતા સયાજી હોસ્પિટલમાં ખસેડાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

વડોદરાના મજુરા ગામડી વિસ્તારમાં સર્પદંશની ઘટના સામે આવી છે. બાલમંદિર ફળિયામાં રહેતા 65 વર્ષીય ઉર્મિલાબેન વસાવાને ઘર નજીક અચાનક સાપે જમણા પગમાં દંશ માર્યો હતો. ઘટનાની જાણ થતાં પરિવારજનો અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

વૃદ્ધાને તાત્કાલિક સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબોએ સમયસર સારવાર શરૂ કરતાં તેમની સ્થિતિ કાબૂમાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં તેઓ ભાનમાં છે અને તબીબોની દેખરેખ હેઠળ સારવાર મેળવી રહ્યા છે.

ચોમાસાની શરૂઆત સાથે સર્પદંશના બનાવોમાં વધારો થતો હોય છે. તબીબો અને વન વિભાગે નાગરિકોને ઘરની આસપાસ સફાઈ રાખવા તેમજ રાત્રિના સમયે સાવચેતી રાખવાની અપીલ કરી છે.